# ભાગડાવડાના પાળાને લઈ કલેક્ટર સમક્ષ તપાસની માંગ

**ઔરંગા** નદી પર 4 કરોડના ખર્ચે બનેલા પાળાના દરવાજા મહિનામાં તૂટી ગયા

**જવાબદારો** સામે કાર્યવાહીની ગ્રામજનોની ઉગ્ર માંગ, પીવાનું પાણી પણ ખરીદવું પડે છે



વલસાડઃ વલસાડના ભાગડાવડા ગામના રહેવાસીઓએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઔરંગા નદી કિનારે બનાવાયેલા પાળાના નબળા કામની તપાસ કરી કાયમી ઉકેલ લાવવા માંગ કરી છે.

ગામ લોકોએ આપેલા આવેદનપત્રમાં જણાવ્યું કે, ભાગડાખુદથી કોસંબા સુધી ઔરંગા નદી કિનારે દરિયાઈ ભરતીનું ખારું પાણી છેલ્લા ૨૦ વર્ષથી ગામમાં ઘૂસી રહ્યું છે. ખાસ કરીને પૂનમ અને અમાસ દરમિયાન પરિસ્થિતિ વધુ ગંભીર બની જાય છે. જેના કારણે ગામના પીવાના પાણીના સ્ત્રોત ખારા બન્યા છે તેમજ બે ગામની અંદાજે ૧૨૦૦ એકર ખેતીલાયક જમીન બિનઉપજાઉ બની ગઈ હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે વર્ષ ૨૦૨૧માં સરકારે પાળાના કામ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી હતી, પરંતુ ડિઝાઈન અને એસ્ટીમેટ મુજબ કામ ન થતાં પાળાના દરવાજા એક મહિનામાં જ તૂટી ગયા હતા.

સાથે જ મીઠી માટીની જગ્યાએ ખારી માટીનો ઉપયોગ કરાયો હોવાનો પણ આરોપ મૂકાયો છે. ગ્રામજનોએ સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. અરજીમાં જણાવાયું છે કે ગામના લગભગ ૮૦ ટકા બોર અને કૂવામાં TDSનું પ્રમાણ ૧૨૦૦થી ૧૫૦૦ સુધી પહોંચી ગયું છે, જે પીવા માટે અયોગ્ય છે. હાલ ગામલોકોને પીવાનું પાણી ખરીદી લાવવું પડે છે. ઉપરાંત ખેતીમાં વધતી ખારાશના કારણે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન ભોગવવું પડી રહ્યું છે.

ગ્રામજનોએ માંગ કરી છે કે બ્રિટિશકાળના જૂના પાળાને આધારે નવી યોજના બનાવી મજબૂત પાળો તૈયાર કરવામાં આવે તેમજ સિંચાઈ વિભાગ, જિયોલોજી વિભાગ અને WASMOની સંયુક્ત ટીમ દ્વારા તાત્કાલિક સર્વે કરી કાયમી ઉકેલ માટે DPR તૈયાર કરવામાં આવે. સ્થાનિકોએ કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું કે, આ પ્રશ્ન માત્ર પાણીનો નહીં પરંતુ ૨૧૪ કુંટુંબના અસ્તિત્વનો છે અને તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# તિથલ બીચ: કામ પતે તે પહેલાં કરોડોનો વોક-વે કડડભૂસ

**નવાનક્કોર** પેવરબ્લોક પર ભારે ટ્રેક્ટરો દોડાવી ભુક્કો બોલાવાયો

**કોન્ટ્રાક્ટરની** બેદરકારીનો વિડીયો વાયરલ, બ્લેકલિસ્ટ કરવા માંગ



વલસાડઃ વલસાડનું ઘરેણું ગણાતા પ્રવાસન ધામ તિથલ બીચ પર ચાલી રહેલા વિકાસકામોમાં કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી અને આડોડાઈ સામે આવી છે. સરકાર દ્વારા પ્રજાના ટેક્સના લાખો-કરોડો રૂપિયાના ખર્ચે પ્રવાસીઓની સુવિધા માટે વોકવે (ચાલવાનો રસ્તો) બનાવવામાં આવી રહ્યો છે. પરંતુ, કામ પૂરું થાય તે પહેલાં જ આ વોકવેનો કચ્ચરઘાણ વળી ગયો છે, જેને પગલે સ્થાનિકો, પ્રવાસીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

કોન્ટ્રાક્ટર દ્વારા વોકવે પર બેસાડવામાં આવી રહેલા પેવરબ્લોકનું ફિટિંગ એટલું હલકી કક્ષાનું અને અણઘડ રીતે કરવામાં આવ્યું છે કે તે અત્યારથી જ ઉખડવા લાગ્યા છે. એટલું જ નહીં, કોન્ટ્રાક્ટરની લાપરવાહીની હદ તો ત્યારે થઈ જ્યારે બાંધકામ માટે વપરાતા પાણીના ભારે ભરખમ ટ્રેક્ટરો આ નાજુક વોકવે પર આડેધડ દોડાવવામાં આવ્યાં. ટ્રેક્ટરના વજનના કારણે લાખો રૂપિયાના ખર્ચે નંખાતા નવાનકોર બ્લોક કડડભૂસ થઈને તૂટી ગયા છે. આ સમગ્ર લાલિયાવાડી અને નુકસાનીનો લાઈવ નજારો ત્યાં હાજર એક જાગૃત નાગરિકે કેમેરામાં કેદ કરી લીધો હતો. નાગરિકે આ ભ્રષ્ટાચાર અને બેદરકારીનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ કરતાં જ વલસાડના સ્થાનિક લોકોમાં તંત્ર સામે ફિટકારની લાગણી વરસી રહી છે. સ્થાનિકની માંગ છે કે ઉચ્ચ સ્તરીય તપાસ થાય, નુકસાનીની વસૂલાત કોન્ટ્રાક્ટરના ખિસ્સામાંથી કરવામાં આવે અને તિથલ બીચની સુંદરતા બગાડનારા તત્વો સામે કડક કાનૂની પગલાં લેવાય. જો તંત્ર હજી પણ આંખ આડા કાન કરશે, તો આગામી દિવસોમાં આંદોલનની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પળગામની ખીલા બનાવતી કંપનીમાં આગ

ઉમરગામ: ઉમરગામના પળગામ વૃંદા ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલી પાન ચેમ કોર્પોરેશન પ્લોટ નંબર 29 લોખંડના તાર અને ખીલા બનાવતી કંપનીમાં બુધવારે રાત્રે નવેક વાગ્યાના અરસામાં કોઈક કારણસર આગ લાગી હતી. બનાવની જાણ ઉમરગામ નગરપાલિકા અને જીઆઇડીસી નોટીફાઇડ ફાયર વિભાગને કરતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી પાણીનો મારો ચલાવી બે કલાકમા આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. આગની ઝપેટમાં પુઠાના બોક્સ બળી ગયા હતા. મશીનરી અને શેડને પણ નુકસાન થયું હતું. સદનસીબે આગના બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

### છીરીમાં પરિણીતાને માર મારતા પોલીસ ફરિયાદ

વાપી: છીરી ખાતે રહેતી ૧૯ વર્ષીય સાનીયા ખાનના લગ્ન વર્ષ ૨૦૨૫માં અરબાજ રઈસ સાથે થયા હતા. પતિના અન્ય યુવતી સાથેના પ્રેમસંબંધની આશંકાએ ઝઘડો થતાં સાનીયા પિયર આવી ગઈ હતી અને વાપી ડુંગરા પોલીસમથકે અરજી આપી હતી. ત્યારબાદ તે ડુંગરામાં રહેતી મોટી બહેનના ઘરે ગઈ હતી. રાત્રે સાસુ સબનમ, મુનીરનો સાળો, કાસીમ, મુસ્કાન ખાન અને ગુડિયા મુનીર શેખ ત્યાં ધસી આવ્યા હતા. તેઓએ સાનીયાને પોલીસ અરજી ખેંચી લેવા દબાણ કર્યું હતું. સાનીયાએ ના પાડતાં ઉશ્કેરાયેલા સાસરિયાઓએ તેને વાળ પકડી બિલ્ડિંગ નીચે લાવી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો, તેમજ છોડાવવા પડેલી બહેન સાથે પણ ઝપાઝપી કરી હતી. આ અંગે સાનીયાએ મુસ્કાન ખાન અને ગુડિયા શેખ સામે ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

### ડુંગરામાં તલવારથી હુમલામાં બેનાં આગોતરા નામંજૂર

વલસાડ: વાપીના ડુંગરા વિસ્તારમાં દાદરા ચેક પોસ્ટ નજીક જૂની અદાવતમાં નીતિન રઘુનાથ ફાલે પર બે હુમલાખોરે ચાલુ બાઇકે લાકડાના ફટકા વડે હુમલો કર્યો હતો. ત્યારબાદ તેના પર તલવાર વડે હુમલો કર્યો હતો. આ હુમલાખોર વિક્રમ વિષ્ણુ હળપતિ અને વિષ્ણુ બાલુ હળપતિ હતા. બાપ-દિકરાના આ હુમલામાં નીતિન ઘાયલ થયો હતો અને હોસ્પિટલે લઇ જવાયો હતો. ડુંગરા પોલીસે નોંધાયેલા આ કેસમાં ધરપકડ ટાળવા માટે આરોપી વિષ્ણુ અને વિક્રમે આગોતરા જામીન માટે અરજી કરી હતી. જેની સુનાવણી હાથ ધરાતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી એડિ. સેસન્સ જજ ડો. એચ. જી. પંડ્યાએ બંને આરોપીઓની આગોતરા જામીન નામંજૂર કરી છે.

### અતુલના દુષ્કર્મ કેસમાં યુવકના 4 દિવસનાં રિમાન્ડ મંજૂર

વલસાડ: અતુલમાં રહેતા અરબાઝ ઉર્ફે અબુ નામના યુવકે સોશિયલ મીડિયા પર જીયા નાયકા નામનું એક ફેક આઈડી બનાવી ગ્રામ્ય વિસ્તારની યુવતી સાથે મિત્રતા કરી તેને પ્રેમ જાળમાં ફસાવી હતી. પોતાનું નામ અંકિત પટેલ હોવાનું જણાવી લગ્નની લાલચ આપી અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. જોકે ત્યારબાદ ભાંડો ફૂટતા જ અરબાઝે યુવતીને બંધક બનાવી હતી. આ કેસમાં આજરોજ વલસાડની સ્પેશ્યલ એટ્રોસિટી કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાં ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ ડી. જે. શાહે આરોપીના 25 તારીખ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# નાનાપોંઢા, કપરાડા તા.પં.ના શાસકો માટે 23 મેએ ચૂંટણી

**આવનારી** વિધાનસભા ચૂંટણીઓ અને જાતિગત સમીકરણોને ધ્યાનમાં લઈ ભાજપ પ્રમુખ, ઉપપ્રમુખ નક્કી થાય તેવી ચર્ચા

વલસાડઃ નવનિર્મિત નાનાપોંઢા તાલુકા પંચાયતમાં આગામી અઢી વર્ષ માટે પ્રમુખ અને ઉપપ્રમુખ માટે 23 મેના દિવસે ચૂંટણી યોજાશે. એ અગાઉ 22 મેના રોજ ફોર્મ ભરાશે. તાલુકા પંચાયતમાં 20 બેઠકો પૈકી 18 ભાજપ પાસે અને બે બેઠક કોંગ્રેસ પાસે છે. સૂત્રોના જણાવ્યા મુજબ, 23 મેના રોજ નાનાપોંઢા દૂધ મંડળીના અદ્યતન મકાનમાં જિલ્લા ખેતીવાડી અધિકારીની ઉપસ્થિતિમાં પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ચૂંટણી યોજાશે. ચૂંટણી પરિણામમાં ચૂંટાયેલી મહિલા સભ્યો પૈકી પ્રમુખ માટે સુલોચનાબેન અને કોઠાર બેઠક ઉપરના મનીષા વિજય પટેલનું નામ મોખરે હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. જોકે અંતિમ નિર્ણય તો મોવડી મંડળ લેશે.

કપરાડા તાલુકા પંચાયતની 22 પૈકી 18 બેઠક ભાજપ પાસે અને 4 કોંગ્રેસ પાસે છે. અહીં પ્રમુખ માટે પણ જબરો કશ્મકશ ચાલી રહ્યો છે. અહીં ભાજપમાંથી સિનિયર નેતા કાશુભાઈ ભસરા, કાકડભાઈ ગાંવિત અને વડોલી બેઠકના નવયુવાન ઉત્તમભાઈ પવારના નામો ચર્ચામાં છે. આ પૈકી કોઈ એકમાંથી પ્રમુખ બનાવવા જોઈએ તેવી માંગણી અગાઉથી જ હતી. જોકે આખરી નિર્ણય તો પ્રદેશ કક્ષાએથી જ લેવાશે.

## ખડકી હાઇવે પર ટેન્કર પલટતાં ATF કેમિકલ પથરાયું




અમૃત પટેલ

પારડી ખડકી નેશનલ હાઇવે નંબર 48 પર મુંબઈ વાસીથી ટેન્કર (નં.એનએલ 01 એએફ 0926) માં જ્વલનશીલ પદાર્થ ભરી સુરત તરફ જઈ રહ્યું હતું. આ દરમિયાન ચાલક પૂરઝડપે હંકારી લાવી ખડકી હાઇવે પર પર ટેન્કર પલટી મારી ડ્રેનેજ લાઈન પર પડતા અકસ્માત સર્જાયો હતો. ટેન્કર સર્વિસ રોડ ઉપર ઘસડી આવી રોડના સાઈડમાં કેરી વેચાણ કરતી મહિલાને અડફેટે લેતા ઇજા પહોંચી હતી. ઘટનામાં જ્વલનશીલ પદાર્થ રોડ પર પથરાયો હતો. ઘટનાની જાણ આસપાસના લોકો તથા પારડી મામલતદાર કિરણસિંહ રાણા, પોલીસ પીઆઇ વાય.બી. ગોહિલ, ફાયર વિભાગ દોડી આવ્યા હતા અને 2 ક્રેનની મદદે ટેન્કરને ઊભું કરી સાઈડમાં ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. મામલતદાર કિરણસિંહ રાણાએ જણાવ્યું હતું કે જ્વલન્સીલ પદાર્થ ATF લીકવીડ રોડ પર પથરાતા સલામતીના ભાગરૂપે માટી ભરેલું ડમ્પર બોલાવી માટી નાંખવામાં આવી હતી.

# વલસાડ મામલતદાર કચેરીના આઉટસોર્સિંગ કર્મચારીઓનો હલ્લાબોલ

**નવી** એજન્સીએ પગારમાં ઘટાડો કરતાં કલેક્ટરને રજૂઆત

વલસાડઃ વલસાડ (ગ્રામ્ય/શહેર) મામલતદાર કચેરીએ ફરજ બજાવતા આઉટસોર્સિંગ કર્મચારીઓ દ્વારા નવી એજન્સી દ્વારા કરવામાં આવેલા અચાનક પગાર ઘટાડા સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. કચેરીના કોમ્પ્યુટર ઓપરેટર, ડ્રાઈવર અને પટાવાળા સહિતના તમામ આઉટસોર્સિંગ સ્ટાફે આ બાબતે કલેક્ટરને એક લેખિત અરજી કરી ન્યાયની માંગ કરી છે.

ચાલુ વર્ષે એપ્રિલમાં કચેરીમાં નવી આઉટસોર્સિંગ એજન્સીની નિમણૂક કરવામાં આવી છે. નવી એજન્સી દ્વારા અગાઉની જૂની એજન્સી કરતાં ખૂબ જ ઓછો પગાર ચૂકવવામાં આવ્યો છે. કચેરીની તમામ કામગીરી પૂરી જવાબદારીથી કરવા છતાં પણ કર્મચારીઓનું આ પ્રકારે આર્થિક શોષણ થઈ રહ્યું હોવાનો આક્ષેપ અરજીમાં કરવામાં આવ્યો છે. અગાઉ મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ નિરાકરણ આવ્યું નથી. કર્મચારીઓએ કલેકટરને અપીલ કરી છે કે આ બાબતે આગામી ૨ દિવસમાં આ પ્રશ્નનું યોગ્ય નિરાકરણ લાવવામાં આવે. નવી એજન્સીના સત્તાવાળાઓ સાથે જરૂરી વહીવટી પ્રક્રિયા કરી કર્મચારીઓનો અગાઉનો પૂરો પગાર પુનઃ મળતો થાય તેમજ ચાલુ માસનો કાપી લીધેલો પગાર પણ પરત મળે તેવા આદેશ કરવાની માંગ કરવામાં આવી છે.

# ઓનલાઈન ઓર્ડરમાં કપડાના ટુકડા મોકલી 38 લાખ કમાઈ લીધા

**વાપી** છીરીના ગોડાઉનમાંથી બે સગી બહેન સહિત 4 ઈસમ ઝડપાયા

**આરોપીઓએ** કોમ્પ્યુટર ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ કર્યો છે



વાપી: વાપી છીરીના ગોડાઉનમાં ડુંગરા પોલીસે રેઈડ કરી હતી. જેમાં ઓનલાઈન છેતરપિંડી કરનારી બે સગી બહેન સહિત 4 ઈસમ સામે કાયદાકીય પગલાં ભર્યા હતાં. ગ્રાહકો પાસેથી ઓનલાઈન ઓર્ડર મેળવી તેઓને ઓર્ડર મુજબનો સામાન અડધો મોકલતા અથવા પાર્સલમાં કપડાના ટુકડાઓ ભરી દેતાં હતા અને તે થકી તેઓએ આજદિન સુધી રૂ.38.65 લાખની આવક મેળવી લીધી હતી. પોલીસે ગોડાઉનમાંથી લેપટોપ, ટેબલેટ સહિતનો માલસામાન મળી કુલ રૂ.1.10 લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસ ટીમ દ્વારા અંજલિ રવિન્દ્ર તેજબહાદુરસીંગ (ઉં.વ.26), આકાંશા રવિન્દ્ર સીંગ (ઉં.વ.24, બંને રહે., રાજસફાયર એપાર્ટમેન્ટ, છરવાડા, વાપી, મૂળ યુપી), રણજીત રામવિજય સુમિરન યાદવ (ઉં.વ.25, રહે., છીરી, કંચન નગર સ્થિત ચાલી, વાપી, મૂળ આજમગઢ), આકાશ સત્યેન્દ્ર સુરજસિંહ (ઉં.વ.25, રહે., છીરી, દેસાઈવાડ સ્થિત ગોડાઉનમાં, વાપી, મૂળ બિહાર) પકડી પાડ્યા હતા. પકડાયેલા તમામ ઉચ્ચ શિક્ષણ મેળવેલું છે અને કોમ્પ્યુટર ગ્રેજ્યુએશન થયેલા છે. તેઓ દ્વારા ગ્રાહકો પાસેથી રૂ.1 હજાર સુધીના ઓર્ડર પણ લેતાં હતા અને સામાન મોકલતા ન હતા અને નાની રકમ હોવાથી આજદિન સુધી કોઈ ભોગ બનનાર ગ્રાહકે ફરિયાદ પણ આપી ન હતી.

## વલસાડ આપ દ્વારા મોંઘવારી મુદ્દે આંદોલનની ચીમકી

વલસાડઃ ગુરુવારે આમ આદમી પાર્ટી વલસાડ જિલ્લા દ્વારા પ્રદેશ સહ સંગઠન મંત્રી જયેન્દ્ર ગાવિતની ઉપસ્થિતિમાં મોંઘવારીની મહા મારી અંતર્ગત આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં વર્તમાન સરકાર દ્વારા પ્રજાઓને મોંઘવારીનો સામનો કરવો પડ્યો છે. પેટ્રોલ-ડીઝલનો ભાવ આસ્માને ચડ્યો છે. આમ જનતાને હાલાકી 5થી 6 રૂપિયા દરેક જીવન જીવવાની ચીજવસ્તુ ગૃહિણી પ્રજાએ ભોગવવો પડ્યો છે. સાથે જીવવા માટે લોકોને ફાંફા પડી રહ્યા છે. લોકોનું જીવન ધોરણ સુધરે, મોંઘવારીની નિયંત્રણનું આયોજન કરે એવી વિનંતી કરાઈ છે. અન્યથા આવનારા દિવસોમાં વલસાડ જિલ્લામાં ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

# વાપી મનપાના નવા કમિશનર એન. એફ. ચૌધરી આજે ચાર્જ સંભાળશે

**ચાર્જ** સંભાળતા જ પહેલું કામ મેયરની ચૂંટણી માટે સામાન્ય સભાનો એજન્ડા બહાર પાડશે

વાપીઃ વાપી મહાનગરપાલિકાના નવા કમિશનર એન.એફ.ચૌધરી શુક્રવારે સવારે વિધિવત કાર્યભાર સંભાળી લેશે. વાપી મનપાની ચૂંટણી બાદ તરત મ્યુન્સિપલ કમિશનરની બદલીને કારણે નવા હોદ્દેદારોની ચૂંટણીનું કામમાં થોડો વિલંબ થયો હતો.

જોકે હવે નવા મ્યુન્સિપલ કમિશનર એન.એફ. ચૌધરી શુક્રવારે ચાર્જ સંભાળી લેશે મ્યુન્સિપલ કમિશનર ચૌધરી ચાર્જ સંભાળતા જ પહેલું કામ મેયર સહિતના હોદ્દેદારોની ચૂંટણી માટે એજન્ડા બહાર પાડશે.

જોકે ચૂંટણી બાદ થોડા દિવસથી મ્યુન્સિપલ કમિશનર યોગેશ ચૌધરીની બદલીને કારણે મહાનગરપાલિકામાં થોભો અને રાહ જુઓ જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. હવે નવા મ્યુન્સિપલ કમિશનર એન. એફ. ચૌધરી ચાર્જ સંભાળી રહ્યા છે. તેથી ફરી વાપી મહાપાલિકામાં ધમધમાટ શરૂ થઈ જશે. શુક્રવારે એન.એફ. ચૌધરી ચાર્જ સંભાળતા જ નવા હોદ્દેદારો મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન, શાસક પક્ષના નેતા તેમજ દંડક અને વિરોધ પક્ષના નેતા આટલા પદોની ચૂંટણી યોજાશે. તેના માટે સામાન્ય સભા બોલાવવા માટે એજન્ડા બહાર પાડવામાં આવશે. શુક્રવારે સવારે ચાર્જ સંભાળ્યા બાદ સામાન્ય સભા બોલાવવા માટે એજન્ડા બહાર પાડશે તેમજ સ્ટાફ સાથે મિટીંગ કરશે તેવું જાણવા મળે છે. પહેલી સામાન્ય સભામાં વિરોધ પક્ષના નેતાની ચૂંટણી થશે કે નહીં તેની પણ એજન્ડા બહાર પડશે તેનાથી જાણકારી મળી જશે. વિવિધ કમિટીઓની રચના માટે ત્યારે બાદ નવા પ્રમુખ દ્વારા સામાન્ય સભા બોલાવીને કમિટીઓ તેમજ ચેરમેનની વરણી કરાશે. મેયર સહિતના હોદ્દેદારોની ચૂંટણી માટે ૨૮ મેના ગુરુવારે સામાન્ય સભા અંગે શુક્રવારે વિધિવત એજન્ડા બહાર પડી જશે.

# પારડીના ડુંગરીમાં સગાઈ તોડાવવા મુદ્દે યુવક પર હુમલો

**પારડી** પોલીસે ત્રણ સામે ગુનો નોંધ્યો

પારડીઃ પારડી તાલુકાના ડુંગરી ગામમાં સગાઈ તોડાવવાના મામલે એક યુવક પર લાકડી અને પ્લાસ્ટિકના પાઈપ વડે હુમલો કરાયો હોવાની ઘટના સામે આવી છે.

પારડી તાલુકાના ડુંગરી ગામ ખેરવાડ ફળીયામાં રહેતા 28 વર્ષીય રીપલકુમાર ભરતભાઈ પટેલ વાપી સ્થિત એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગત 18 મેના રોજ તેઓ રોજની જેમ નોકરી પૂર્ણ કરી પોતાની મોટરસાઇકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. સાંજના સમયે તેઓ ડુંગરી ગામના બેરવાડ ફળીયામાં આવેલા ઉદવાડા પરીયા ચોસઠ જોગણી માતાના મંદિર નજીક પહોંચ્યા હતા, ત્યારે ગામના હસમુખભાઈ રણછોડભાઈ પટેલ અને દીપકભાઈ રણછોડભાઈ પટેલે તેમની મોટરસાઇકલ અટકાવી હતી. હસમુખભાઈએ પોતાની દીકરી પ્રિયાન્સી સાથેની સગાઈ કેમ તોડાવી નાખી તે મુદ્દે રીપલકુમાર સાથે ઉગ્ર બોલાચાલી શરૂ કરી લાકડી વડે તેના પગ અને ડાબા ખભા પર ફટકા માર્યા હતા. દીપકભાઈએ પ્લાસ્ટિકના પાઈપ વડે રીપલના પગ અને ખભા પર હુમલો કર્યો હતો. થોડીવાર બાદ દીપકભાઈનો પુત્ર હેમીનભાઈએ પણ યુવક સાથે મારામારી શરૂ કરી હતી. આ દરમિયાન યુવકના પિતા ભરતભાઈ લલ્લુભાઈ પટેલ ત્યાં આવી જતાં તેમણે પોતાના પુત્રને છોડાવવાનો પ્રયાસ કર્યો હતો. “હવે જો સગાઈ તોડાવીશ તો જાનથી મારી નાખીશું” તેવી ધમકી ઉચ્ચારી હતી. યુવકને મોહનદયાળ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતાં. આ સમગ્ર ઘટના અંગે હસમુખ રણછોડભાઈ પટેલ, દીપક રણછોડભાઈ પટેલ અને હેમીન દીપકભાઈ પટેલ વિરુદ્ધ પારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ચોમાસામાં જાનહાનિ ન થાય તેનું ધ્યાન રાખજો

**કલેક્ટર** નીતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને વલસાડ જિલ્લાની પ્રિ-મોન્સૂન બેઠક યોજાઈ



વલસાડઃ વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને આગામી ચોમાસા સમય દરમિયાન આમજનતાને કોઈ મુશ્કેલી ન પડે અને કોઈ માનવ મૃત્યુ ન થાય તે માટે તમામ અમલીકરણ અધિકારીઓને માઈક્રોપ્લાનિંગ કરવા સૂચના આપી હતી.

વલસાડ જિલ્લા કલેક્ટરાલયમાં કલેકટરના અધ્યક્ષસ્થાને મળેલી પ્રિ-મોનસુન કામગીરીની બેઠકમાં તમામ સાધન-સામગ્રી, મોબાઈલ નંબરો, સાધનોને અપડેટ રાખવા પણ જણાવ્યું હતું.

જિલ્લાના વિસ્તારોમાં ચોમાસા સમય દરમિયાન વરસાદના કારણોસર કામચલાઉ ઘણા રસ્તાઓ બંધ થતા હોય છે, તેવા સમયે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા, ડુબાઉ કોઝવે પર કોઈ જાનહાનિ ન થાય તે માટે સાવચેતી દર્શાવતા સૂચન બોર્ડ સહિત લોકોને પરિસ્થિતિથી અવગત કરાવવા માટે સ્થળ પર ૨૪ કલાક એક વ્યક્તિની સતત હાજરી રાખવા સૂચના આપી હતી. ડિઝાસ્ટર સંબંધી તમામ સંપર્ક નંબરો ગ્રાઉન્ડ લેવલ સુધી આપવા જેથી કોઈ મુશ્કેલી હોય તો તરત વહીવટી તંત્રનો સંપર્ક કરી શકે. કલેક્ટરે ચોમાસા દરમિયાન વોટર ડ્રેનેજની સાફસફાઈ તેમજ રિપેરિંગ કામ, નગરપાલિકાઓ દ્વારા બચાવ અને સ્થળાંતર માટે ફાયર વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીઓની અને શેલ્ટર હોમની માહિતી, ચોમાસા દરમિયાન વીજકાપ ન થાય તે માટે ડીજીવીસીએલ દ્વારા હાલમાં કરવામાં આવી રહેલી પ્રિ-મોન્સૂન કામગીરીની સમીક્ષા કરી હતી. મધુબન ડેમની કાર્યપ્રણાલી જાણી ચોમાસા દરમિયાન વધુ વરસાદને કારણે ડેમમાંથી પાણી છોડવાથી અસરગ્રસ્ત ગામોમાં સ્થળાંતરની આગોતરા પગલાંઓ વિશે માહિતી મેળવી હતી. ખાસ કરીને ઉપરવાસમાં વરસાદના કારણે ઔરંગા નદીમાં આવતા પૂરમાં લોકોને મુશ્કેલી ન પડે તે માટે નગરપાલિકાના અધિકારીઓને તમામ આગોતરા પગલાંઓ લેવા જણાવ્યું હતું. સાથે નગરપાલિકા વિસ્તારમાં જર્જરિત મકાન સંબંધી જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

કલેક્ટરે ચોમાસાના સમય દરમિયન માર્ગ અને મકાન વિભાગ, વીજળી, આરોગ્ય વિભાગ, વન વિભાગ સહિત સંબંધિત વિભાગોએ કરવાની થતી કામગીરીની સમીક્ષા કરી હતી અને પ્રેઝન્ટેશન પણ નિહાળ્યું હતું.